# ઉમરગામમાં બે કલાકમાં ૯ ઈંચ વરસાદ ખાબક્યો

## વલસાડ જિલ્લામાં આભ ફાટ્યું, ધોધમાર વરસાદથી ઠેર-ઠેર પાણી ભરાયા : દમણમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૯.૪૮ ઇંચ વરસાદ વરસ્યો, વલસાડ શાકભાજી માર્કેટમાં ચારેબાજુ પાણી-પાણી

વલસાડ,તા.૧૮

વલસાડ જિલ્લામાં વહેલી સવારથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યાં છે. હવામાન વિભાગ દ્વારા વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ત્યારે આજે વહેલી સવારથી ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે. સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યાના બે કલાકમાં વલસાડના ઉમરગામમાં ૮.૪૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે સંઘ પ્રદેશ દમણમાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. દમણમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯.૪૮ ઈંચ વરસાદ વરસ્યો છે.

જિલ્લાના ઉમરગામમાં બે કલાકમાં ઉમરગામ–વાપીમાં ૯-૯ ઈંચ, વલસાડમાં ૬ ઈંચ વરસાદ પડ્યો છે. જલાલપોરમાં ૫ ઈંચ, નવસારીમાં ૪.૫ ઈંચ વરસાદ પડ્યો છે. ગણદેવીમાં ૪ ઈંચ, ચીખલીમાં ૩.૫ ઈંચ વરસાદ પડ્યો છે. સવારથી જ વલસાડ નવસારી પર મેઘો મહેરબાન થયો છે. વલસાડના વાપીમાં ૯ ઈંચ વરસાદ પડ્યો છે. ઉમરગામમા પણ નવ ઈંચ વરસાદ પડ્યો છે.

ભારે વરસાદના પગલે વલસાડ શહેરની શાકભાજી માર્કેટમાં વરસાદી પાણીનો ભરાવો થયો છે. શહેરના છીપવાડના દાણા બજાર અને નાની ખાત્રીવાડ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા છે. છીપવાડ રેલવે ગરનાળુ અને મોગરવાડી ગરનાળામાં વરસાદી પાણીનો ભરાવો થઈ ગયો છે. શાકભાજી માર્કેટમાં વરસાદી પાણી ભરાવો થવાથી શાકભાજી વેંચતા વેપારીઓ હાલાકીનો સામનો કરી રહ્યા છે. ઉમરગામ વિસ્તારમાં ૮ ઈંચ વરસાદ ખાબકતા ઉમરગામની પરિસ્થિતિ ગંભીર બની રહી છે.

જિલ્લામાં સવારથી ભારે પવન સાથે વરસાદ પડતાં ધરમપુર રોડ ઉપર આંબલીનું મહાકાય વૃક્ષ ધરાશાય થતા વલસાડ ધરમપુરનો મુખ્ય માર્ગ બંધ થઈ ગયો હતો. જેને લઈને એક કલાક સુધી ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિક પ્રસાસન દ્વારા ઝાડ હટાવવાની કાનગીરી હાથ ધરવામાં આવી રહી છે. રૂરલ પોલીસની ટીમને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોંચી ઝાડને દૂર કરવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

સંઘ પ્રદેશ દમણમાં પણ વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. દમણમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯.૪૮ ઈંચ વરસાદ વરસ્યો છે. દમણમાં ભારે વરસાદથી અલગ અલગ વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેમાં દાભેલ ચેક પોસ્ટ તથા મોટી દમણ, મગરવાડા ઘડિયાળ સર્કલ પાસેના વિસ્તારો સહિત અન્ય વિસ્તારોમાં પાણી ભરાયા છે.

નવસારી જિલ્લામાં છેલ્લા અનેક દિવસોથી બફારા અને ગરમીથી ત્રાસેલા લોકોને રાહત મળી છે. રાતથી વરસી રહેલા વરસાદને કારણે નવસારી શહેર અને અન્ય તાલુકા મેઘમહેર થઈ છે. જેના કારણે રોડ રસ્તા અને ઘરોમાં પાણી ભરાયા છે જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે.

હવામાન વિભાગ દ્વારા ૨૧મી જુલાઈ સુધી દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય તથા ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી જાહેર કરાઈ છે. અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધી ૫.૩૧ ઈંચ સાથે મોસમનો સરેરાશ ૧૯.૬૩ ટકા વરસાદ નોંધાયો છે. જેની સરખામણીએ ગત વર્ષે ૧૫ જુલાઈ સુધીમાં ૭.૯૧ ઈંચ સાથે મોસમનો ૨૮.૭૨ ટકા વરસાદ નોંધાયો હતો.

## ધાનેરા નગરપાલિકાનું વીજ કનેક્શન કપાઈ જતા જનરેટર દ્વારા લાઈટ ચાલુ કરી કાર્ય શરૂ કરાયુ

ધાનેરા નગરપાલિકા માં ૧.૧૦ કરોડ કરતાં વધુ વીજ બિલ બાકી હોવાના કારણે વિધુત બોર્ડ દ્વારા ધાનેરા નગરપાલિકાનું વીજ કનેક્શન કાપી નાખવામાં આવે ત્યારે નગરપાલિકામાં અંધારપટ છવાઈ જવા પામ્યો હતો અને નગરપાલિકાની કામગીરી ઠપ થઈ જવા પામી હતી જેથી કરીને બીજા દિવસે નગરપાલિકાના સત્તાધીશો દ્વારા જનરેટર લાવી લાઈટ ચાલુ કરવામાં આવી હતી અને કામ અર્થે આવતા લોકો નું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.



## જરૂરિયાતમંદ વર્ગના બાળકોને સેવાભાવી નાગરિકોની મદદ

કોરોના મહામારીના પગલે જરૂરિયાતમંદ વર્ગના બાળકોનું શિક્ષણ તો સાવ ઠેબે ચઢી જવા પામ્યું છે કેમકે તેમને જ્યાં બે ટંક ખાવાના ફાંફાં હોય ત્યાં તેમની પાસે ઓનલાઈન શિક્ષણ મેળવવાની સગવડની તો કલ્પના કરવી પણ દુષ્કર છે. આ સ્થિતિમાં સેક્ટર-૭માં પટેલ વાડી સામેના ઝુંપડાવાસીઓનાં શ્રમજીવી પરિવારોના બાળકો ઘરે બેસીને અભ્યાસ કરી શકે તે હેતુથી તેમને ચોપડા આપવા સાથે તેમને પ્રોત્સાહિત કરવા બિસ્કીટ અને ચોકલેટ તેમજ કોરોનાથી બચવા માટે માસ્કનું નિઃશુલ્ક વિતરણ શહેરના સેવાભાવી નાગરિકો સુધીર યાજ્ઞિક, રમણભાઈ પટેલ, પ્રકાશ ભટ્ટ, વિનોદભાઈ મેણાત, પ્રકાશભાઈ ભટ્ટ, પ્રમોદભાઈ અને સે.૨ના લાલાભાઈ મેડિકલવાળા વગેરે દ્વારા કરવામા આવ્યું હતું.

# ખાનગી શાળા સંચાલકોની સ્કૂલો શરૂ કરવાની માંગ

## ખાનગી શાળા સંચાલકો સરકારને રજૂઆત કરશે : સોમવારે રાજ્યના તમામ જિલ્લા મથકો પર શાળા ખોલવા માટે ફ્રીને આવેદન પત્ર આપવામાં આવશે

અમદાવાદ, તા.૧૮

કોરોનાના કેસ ઘટતાં સરકાર દ્વારા નિયંત્રણો હટાવી દેવામાં આવ્યા છે. પરંતુ સરકાર દ્વારા શાળાઓ ખોલવા માટે મંજૂરી ન અપાતા ખાનગી શાળા સંચાલકો વધુ અકળાયા છે. કારણ કે, સરકારી સ્કૂલોમાં વર્ગો ઓફલાઈન શરૂ કરી દેવામાં આવ્યાં છે. કોલેજમાં પણ ઓફલાઈન શિક્ષણ શરૂ થઈ ગયું છે. ત્યારે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે સરકાર સમક્ષ તમામ શાળાઓ શરૂ કરવાની માંગ કરી છે. જો તેમની માંગ નહીં સ્વીકારાય તો તેઓએ ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. આ મુદ્દે સંચાલક મંડળ આવતીકાલે સરકારને રજૂઆત કરશે. સરકાર દ્વારા શાળાઓ ખોલવા માટે મંજૂરીની જાહેરાત ન કરાતા સંચાલકો હવે આક્રમક બનશે. સંચાલકો દ્વારા પ્રથમ તબક્કામાં ધોરણ-૯થી ૧૨ની શાળાઓ શરૂ કરવાની માંગણી સાથે સોમવારે તમામ જિલ્લા મથકો પર જિલ્લાના શિક્ષણાધિકારીને શાળાઓ ખોલવા માટે આવેદન પત્ર અપાશે. તેમ છતાંય શાળા ખોલવાની માંગણી નહીં સ્વીકારાય તો સંચાલકો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં સરકાર દ્વારા ટ્યૂશન ક્લાસીસ, સરકારી શાળાઓ દ્વારા શેરી શાળાઓ, ધાર્મિક સ્થળો, સ્વિમિંગ પૂલ અને ટ્રાવેલ્સની બસો સહિત તમામ વાણિજ્ય-વ્યવસ્યાને કોવિડ ગાઈડલાઈન અનુસાર ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. પરંતુ ખાનગી શાળાઓના વાલીઓ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સંચાલકોની લાંબા સમયથી શાળાઓ ખોલવા માટેની માંગણીને કોઈ કારણોસર અણદેખી કરવામાં આવી રહી છે. આ મુદ્દે ઉગ્ર પ્રતિક્રિયા ૧૯ જુલાઈ સોમવારના રોજ રાજ્યના દરેક જિલ્લા કક્ષાએ શાળા સંચાલકો શિક્ષકો સાથે મળીને સરકાર સમક્ષ શાળા ખોલવા માટે ઉગ્ર રજૂઆત કરીને જિલ્લા શિક્ષણાધિકારીને આવેદન પત્ર આપવાના છે. ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રમુખના જણાવ્યા મુજબ કોરોનાની બીજી લહેરમાં શાળાઓ તબક્કાવાર ખોલવાની મંજૂરી અપાઈ હતી, જો કે, હવે કોરોના કાબૂમાં આવ્યો હોવાથી સરકારે પ્રથમ તબક્કામાં ધોરણ-૯થી ૧૨ ની શાળાઓને ફરી શરૂ કરવાની ત્વરીત મંજૂરી આપવી જોઈએ તેવી અમારી માંગણી છે.

## ખેડૂત પરિવારોમાં આક્રોશ : મોડાસાના બાજકોટ સીમના લેન્ડગ્રેબિંગ ફરિયાદમાં તપાસ ખોરંભે, ગૃહ મંત્રી સમક્ષ ફરિયાદ થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ભૂમાફીયાઓની શાન ઠેકાણે લાવવા સરકારે લેન્ડગ્રેબિંગ પ્રોહીબીશન એક્ટ-૨૦૨૦ કાયદો લાગુ તો કર્યો પરંતુ અરવલ્લી જિલ્લામાં ખેલાડી બની ગયેલા અધિકારીઓએ કાયદાને અધમૂવો કર્યો હોય તેવા લોકઆક્ષેપ શરૂ થયા છે. મોડાસાના બાજકોટ ગામના સીમાડામાં દેવરાજધામના મહંતે વન વિભાગની જમીન પચાવી પાડી અને અન્ય ખેડૂતની જમીન ઉપર કબજો કર્યો હોવાથી લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની માંગ કર્યા પછી પણ તપાસ દબાવી દેવામાં આવી છે. જેથી સાયરાના બે ખેડૂતોમાં રોષ જોવા મળ્યો. સ્થાનિક તંત્ર આ મુદ્દે તપાસ કરી વિધિસર કેસ દાખલ નહીં કરે તો ગૃહમંત્રી સમક્ષ સાધનિક પુરાવા સાથે ફરિયાદ કરવાનો નિર્ણય લીધો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં સરકારી ગૌચર અને ગામતળની જમીન ઉપર દબાણો થયા છે. અનેક સરકારી જમીન ઉપર કહેવાતા આગેવાનોએ કબજો મેળવી લીધો છે. સરકારી જમીન ઉપરનાં દબાણો માત્ર ગરીબોનાં હટાવી વહીવટી તંત્ર વાહ..વાહી મેળવી રહ્યું છે. પરંતુ સાયરા ગામના ખેડૂત દિનેશભાઈ જે. પટેલ, હસમુખભાઈ પટેલે સરકારી તંત્ર ભ્રષ્ટ હોવાનો ખુલ્લો આરોપ લગાવી દેવરાજધામના મહંતે રીઝર્વ ફોરેસ્ટની જમીન ઉપર ગેરકાયદે કબજો મેળવી કેટલુંક બાંધકામ કર્યું છે તેમજ અન્ય લોકોએ ખેડૂતોની જમીન ઉપર કબજો કરી પ્રવેશ નિષેધનું બોર્ડ લગાવ્યું છે જેથી ખેડૂતોની જમીન અને સરકારી જમીન હડપ કરી જનાર સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ કાર્યવાહી કરવાની જરૂરી દરખાસ્ત ફી સાથે રજૂ કરી છે પરંતુ અરવલ્લી વહીવટી તંત્રને જાણે કે ખેડૂતો કરતાં મંદિરના મહંતની વધારે ચિંતા હોય તેમ ખેડૂતોની સમજમાં આવે તેવી કોઈ કાર્યવાહી કરી નથી. અરવલ્લી જિલ્લામાં કેટલાક અધિકારીઓ સામે અત્યંત ગંભીર આક્ષેપ થયેલા છે.



વિધવા બહેનોને મળતી પેન્શન સહાયમાં વધારો કરવા માટે આમ આદમી પાર્ટીએ રજૂઆત કરી છે. આ બાબત અંગે કલેક્ટરને આવેદનપત્ર અપાયુ હતુ.

## ચિલોડામાં વેક્સીનનો જથ્થો ઓછો ફળવાતાં ગ્રામજનોમાં નિરાશા

ગાંધીનગર તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળા કેન્દ્ર ખાતે ૨૦ દિવસ બાદ વેક્સીનેશન કામગીરી આરંભાતા ચિલોડામાં ગ્રામજનોમાં કોવિશિલ્ડ વેક્સિન લેવા ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. સવારથી વેક્સિનનો ડોઝ લેવા કેન્દ્રમાં નાગરિકોમાં જાગૃતતા અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. વેક્સિનનો માત્ર ૯૦ ડોઝનો સ્ટોક હોવાથી સંખ્યા પ્રમાણે ઓછો હોવાથી ગ્રામજનોમાં વેક્સિનની રસી ન મળવાથી ઉત્સાહ ઓશરી ગયો હતો. રસીનો લાભ ન મળતાં ફરી ક્યારે રસી આવશે તેવી તર્કવિતર્કો સાથે પરત ઘરે ગયા હતા. લોકોમાં રસી લેવાની જાગૃતતા અને આતુરતા વધવા પામી છે ત્યારે બીજી બાજુ રસીનો સ્ટોકના અભાવે નિરાશાજનક બાબતે ચિંતા જન્માવી છે.

## એપોલો સર્કલ રાધે ફોર્ચ્યુન કોમ્પલેક્ષ પાસેથી એક્ટીવાની ચોરી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર એપોલો સર્કલ પાસે આવેલા રાધે ફોર્ચ્યુન કોમ્પલેક્ષ પાસે પાર્ક કરેલા એક્ટીવાની ચોરી થવા પામી છે. મિત્રો સાથે જમીને યુવક બહાર આવ્યો એટલીવારમાં ચોર શખ્સો એક્ટીવા ચોરી પલાયન થઈ ગયા હતા. એક્ટીવા ચોરી અંગે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ હેપ્પી ભરતભાઈ કઢાકનીયા (ઉં.વ.૨૧) (મૂળ રહે. ગામ-લુવાસર, તા. વંથલી, જી. જૂનાગઢ), જી. ૫૦૩ પામ રેસીડેન્સી શુકન ચાર રસ્તા નિકોલ-નરોડા ખાતે પરિવાર સાથે રહે છે અને ફેશન ડિઝાઈનીંગનો કોર્ષ કરે છે. જ્યારે આવન-જાવન માટે એક્ટીવાનો ઉપયોગ કરે છે. ગતરોજ બપોરના સુમારે હેપ્પી પોતાના મિત્રો સાથે એપોલો સર્કલ પાસે ફોર્ચ્યુન કોમ્પલેક્ષ પાસે હોકો રેસ્ટોરન્ટ ખાતે જમવા માટે ગયા હતા. જ્યારે એક્ટીવા નં. જીજે.૨૭.એલ.૮૨૨૮ કોમ્પલેક્ષની બહાર પાર્ક કર્યુ હતુ. હોટલમાં જમીને બપોરે ૧.૪૫ વાગે બહાર આવીને જોયું તો એક્ટીવા પાર્ક કરેલી જગ્યા પર ન હતુ. હેપ્પી તેમજ મિત્રો આસપાસનો વિસ્તાર ખુંદી વળ્યા હતા પરંતુ એક્ટીવા મળ્યુ ન હતુ. બનાવ અંગે અડાલજ પોલીસમથકે રૂ. ૧૫,૦૦૦ના એક્ટીવાની ચોરી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ઉંઝા દ્વારા આયોજીત પાક સહાય ચેક વિતરણ કાર્યક્રમમાં મુખ્યમંત્રીનું વર્ચ્યુઅલ સંબોધન

રાજ્યમાં સહકાર અને સહકારીતાની ઉજ્જવળ પરંપરા અમુલ જેવું ઉંઝા એ.પી.એમ.સી.નું યોગદાન રહેલું છે જે ગુજરાતને ગૌરવ લઈ શકાય તેવી સંસ્થા છે. તેમ મુખ્યમંત્રીએ ઉંઝા ખાતેના કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહી ખેડૂતોને જણાવ્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ઉંઝા બજાર સમિતિ સૌથી જુની ૧૯૫૪થી ખેડૂતોના હિતો માટે કાર્યરત છે. તેમણે જણાવ્યું હતું કે દેશના પ્રધાનમંત્રીએ સહકારીતા પ્રધ્ધતિથી થકી રાષ્ટ્રનો વિકાસ થાય તે દિશામાં પ્રેરણાદાયી પગલું ભરી સહકાર વિભાગની શરૂઆત કરી છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્યમાં અમુલ, ઉંઝા બજાર સમિતિ સહિત સહકારી સંસ્થાઓ દેશને દિશા દર્શન કરી રહી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સહકાર એ સરકાર, સહકાર અને નાગરિકોનો સમનવ્ય છે. ખેડૂતોના કલ્યાણ માટે સહકારીતા થકી સહકારી સંસ્થાઓ કાર્ય કરે છે. તેમણે ઉમેર્યું હતું કે ઉંઝા બજાર સમિતિ દ્વારા પાક સહાય ચેક આપી ખેડૂતો પ્રતિ ચિંતા વ્યક્ત કરી છે. તેમજ સંસ્થા દ્વારા અકસ્માત વીમા યોજના, ટ્રી ગાર્ડ, કોવિડ માટે ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન આપવાની થઈ રહેલ કામગીરીની પ્રશંસા કરી હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોની તેની ઉપજના ભાવ મળી રહે તે માટે દેશના પ્રધાનમંત્રીએ ખેડૂતોની આવક બમણી કરવાની કલ્પના કરી છે. સરકાર દ્વારા ખેડૂતોને કેન્દ્રમાં રાખીને વિવિધ યોજનાઓ અમલમાં બનાવાઈ છે. તેમણે ઉમેર્યું હતું કે ભુતકાળમાં ખેત ધિરાણના ૧૮ ટકા વ્યાજ ખેડૂતો પાસે લેવામાં આવતું હતું આજે શૂન્ય ટકાએ રાજ્યના ૧૭ લાખ ખેડૂતોને ધિરાણ આપી વ્યાજની ચુંગાલમાંથી બહાર લાવવાનું ભગીરથ કાર્ય સરકાર દ્વારા કરાયું છે.

## રવિવારે ભયંકર બફારાથી પ્રજા ત્રસ્ત : સાબરકાંઠા, અરવલ્લીમાં વરસાદ ખેંચાતાં ધરતીપુત્રોની ચિંતા વધી

### તલોદ, પ્રાંતિજ, હિંમતનગરમાં ડાંગરની રોપણી ઘોંચમાં પડી, સિંચાઈનાં પાણી આપવાની માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

અતિભારે વરસાદની આગાહી વચ્ચે છેલ્લા ૫ દિવસ દરમ્યાન માત્ર ક્યાંક છબછબીયો વરસાદ વરસ્યો. વરસાદની ઘટ સતત વધી રહી છે. વરસાદ ખેંચાતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૨.૩૦ લાખથી વધુ ધરતીપુત્રોની ચિંતામાં વધારો થયો છે. રવિવાર સવારથી જ ભયંકર બફારાથી પ્રજા ત્રસ્ત હતી અને વરસાદ તૂટી પડશે તેવી સંભાવના વચ્ચે સાંજના ૪-૦૦ સુધી ક્યાંય વરસાદનું ફોરૂ પણ વરસ્યું નથી. વરસાદ ખેંચાતાં તલોદ, પ્રાંતિજ, હિંમતનગરમાં ડાંગરની રોપણી ઘોંચમાં પડી શકે છે. વરસાદ ખેંચાતાં મૂંરઝાતી ખરીફ ખેતીને બચાવી લેવા માટે સરકાર દ્વારા જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી આપવાની માંગ સામે આવી છે.

કોરોનાની મહામારીમાં બધા જ તબાહ થયા છે. ખેડૂતો અને પશુપાલકોની હાલત પણ વધુ ખરાબ થઈ હતી. કોરોનાનું સંક્રમણ ધીમું પડ્યું, તમામ ધંધા-રોજગાર ધમધમ્યા, એકંદરે વાવણી લાયક વરસાદ પછી ખેડૂતોએ મોંઘાદાટ ખાતર-બિયારણ લાવી વાવણી કાર્ય શરૂ કરી દીધું પરંતુ દર વર્ષની જેમ આ વર્ષે પણ કુદરત ખેડૂતોની અગ્નિ પરીક્ષા કરતી હોય તેમ વરસાદ ખેંચાયો છે. જુલાઈ મહિનાનું મધ્યાંતર પણ પસાર થઈ ગયું પરંતુ તળાવ, ચેકડેમ છલકાય તેવો ધોધમાર વરસાદ ક્યાંય વરસ્યો નથી. ભરચોમાસે આકાશમાંથી સાંબેલાધારે વરસાદ વરસવાના બદલે કુદરતના અગનગોળા વરસી રહ્યા છે જેના કારણે ખરીફ વાવેતર બળી જવાનો ભય ઉભો થયો છે. બંન્ને જિલ્લામાં ૪.૫૦ લાખ હેક્ટરથી વધુ જમીનમાં ખરીફ પાકોનું વાવેતર થયું. જ્યારે મે. મહિનામાં મોટાભાગના ખેડૂતોએ કપાસનું વાવેતર કર્યું હતું તેવા ખેડૂતો પણ વરસાદ ખેંચાતાં આર્થિક રીતે બરબાદ થાય તેવી સ્થિતિમાં છે. આગામી ૪૮ કલાકમાં બંન્ને જિલ્લામાં ધોધમાર વરસાદ નહીં વરસે તો વાવેતર નિષ્ફળ જવાનો ભય ઉભો થયો છે. આ સંજોગોમાં સરકાર અને સિંચાઈ વિભાગે સુજલામ તેમજ જિલ્લાના ૧૨ પૈકી ૬ જળાશયોમાંથી ખેડૂતોને સિંચાઈ માટે એક પાણ આપવાની માંગ થઈ રહી છે.

## ગામડામાં શહેર સમકક્ષ સુવિધા..!! આંબલિયારા પંચાયતમાં ટેલિફોન-સી.સી.ટીવી કેમેરાની સુવિધા ઉભી કરાવો

રાજ્ય સરકાર ગામડામાં શહેર સમકક્ષ સવલતો માટે ગ્રામ પંચાયતોને અઢળક ગ્રાન્ટ આપી રહ્યું છે. આધુનિક યુગમાં ગ્રામ પંચાયતમાં ટેલિફોન સેવા ન હોય તે કદાચ માન્યામાં ન આવે પરંતુ આ હકીકત છે. બાયડ તાલુકાની આંબલિયારા ગ્રામ પંચાયતમાં ટેલિફોન સેવા નથી અને સી.સી.ટીવી કેમેરાની સુવિધા પણ ન હોવાથી ગ્રામ પંચાયતનો કડવો અનુભવ થયો હતો તેવા અરજદાર અંકુશ પરમારે જિલ્લા કલેક્ટરના દરબારમાં આ અંગેની ફરિયાદ કરતાં પંચાયતી રાજમાં હલચલ મચી ગઈ છે. અરજદારે કરેલી કલેક્ટરને ફરિયાદમાં જણાવ્યું છે કે આંબલિયારા ગ્રામ પંચાયતમાં લોકો દ્વારા કોરોનાના કારણે બહાર નિકળવાનું ટાળી રહી છે. તલાટી, સરપંચ, કારકૂન કે વી.સી.ઓપરેટરને ગ્રામ પંચાયતમાં ફોન ન હોવાથી કર્મચારીને તેમના ખાનગી ટેલિફોન ઉપર વાત કરે તો કર્મચારી લોકોનો ફોન ઉપાડતા નથી જેથી સરકારી કામકાજ માટે ગ્રામ પંચાયતમાં ફોનની સુવિધા તાત્કાલિક ઉપલબ્ધ કરાવો. આંબલિયારા ગ્રામ પંચાયતમાં છેલ્લા દોઢ મહિના દરમ્યાન કર્મચારી અને સરકારી કામકાજ અંગે બોલાચાલી તેમજ મારપીટના બનાવ નોંધાયા છે.

**૧૦૦ દિવસમાં...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે સ્કૂલ ઓફ એક્સલન્સ ત્રણ પ્રકારની હશે. જેમાં ધો. ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓની હોસ્ટેલ સાથે રેસિડેન્સીયલ સ્કૂલ હશે જે હોસ્ટેલની કેપીસીટી ૩૦૦ વિદ્યાર્થીઓ રાખવાની હશે. ઈર્મજીંગ સ્કૂલ અને એસ્પાયરીંગ સ્કૂલ પણ હશે. ડીજીટલ ક્રાંતિની દિશામાં આ મહત્વનું કદમ પૂરવાર થશે તેવો દાવો શિક્ષણ વિભાગના સૂત્રો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

જિલ્લામાં આ વર્ષે પ્રથમ ૧૦૦ દિવસમાં ૮ શાળાઓ જાહેર કરવાની હોવાથી તંત્ર દ્વારા શાળાઓની ચકાસણી તેમજ શાળાઓ સાથે બેઠકો યોજી અને ખૂટતી કડીઓ વિશેની વિગતો તૈયાર કરવામાં આવી રહી છે. આ કામગીરી આમાસાન્તે સંપન્ન થશે તેમ મનાઈ રહ્યું છે.

**હળવો વરસાદ...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જુલાઈ બાદ વરસાદી પાણી કૃષિ પાકો માટે સારુ ગણાય. જયારે ગાંધીનગર અમદાવાદમાં તા ૧૯ જુલાઈ સુધીમાં હળવો વરસાદ થશે. ત્યારબાદ તા ૨૨ થી ૨૫ માં વિજ કડાકા સાથે ભારે વરસાદ થવાની સંભાવના છે. રાજસ્થાનના પુર્વીય ભાગોમાં પણ વરસાદ થવાની સંભાવના રહેશે. હાલમાં રાજસ્થાનના પુર્વીય ભાગો, પંચમહાલના ભાગો, ઉત્તર મધ્ય ગુજરાતના ભાગોમાં પણ વરસાદ થવાની સંભાવના રહેશે. ઉત્તર ગુજરાત બનાસકાંઠા, મહેસાણા પાટણ, હારીજ, સમી તેમજ વિરમગામ અને સુરેન્દ્રનગરના ભાગોમાં પણ વરસાદ થશે.

**તોફાની બનશે...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. તેને રોકવા માટે પણ બીલ આવી રહ્યું છે, તેના પર પણ વિપક્ષ ભારે હંગામો મચાવી શકે છે. દિલ્હી સરહદ પર વિરોધ કરી રહેલા ખેડૂતો પણ આ બીલનો વિરોધ કરી રહ્યાં છે. વીજ સુધારણા બીલ, ડિપોઝિટ વીમા અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન બીલ, કોલસો બેરિંગ એરિયાઝ (એક્વિઝિશન) બીલ અને પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી જેવા કુલ મહત્વના ૧૪ બીલ રજુ કરવામાં આવશે.

આ ઉપરાંત લદાખમાં કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય સ્થાપવાની જોગવાઈ કરતું બીલ પણ પસાર કરવામાં આવશે. આ સાથે જ માનવ તસ્કરી, ખાસ કરીને બાળકો અને મહિલાઓની હેરાફેરી રોકવા માટે અને આ જઘન્ય કૃત્યમાં સામેલ લોકોને સખત સજા આપવાનું બીલ પણ આ જ સત્રમાં રજુ કરવામાં આવશે. જુના બીલોમાં ડીએનએ ટેકનોલોજી બીલ, ડેટા પ્રોટેક્શન બીલ અને સિનિયર સિટીઝન બીલ પણ ખૂબ મહત્વપૂર્ણ છે.

**મજૂરી કરે છે...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

અરુણથથિયાર સમાજના આ બન્ને લોકો નમક્કલ પાસે એઝબેસ્ટાસના છાપરા વાળી ઝૂંપડીમાં રહે છે. ક્યારેક તે કુલીનું કામ કરે છે તો ક્યારેક ખેતરમાં કામ કરે છે. તેઓ રોજનું કમાઈને રોજ ખાનારા લોકો છે. દીકરો કેન્દ્રીય મંત્રી બન્યો તેનાથી તેમના જીવનમાં કોઈ ખાસ ફરક નથી પડ્યો. તેમને દીકરો મંત્રી બન્યો હોવાની ખબર પાડોશીઓ પાસેથી મળી. ખબર સાંભળીને તેમણે પોતાનું કામ ચાલુ રાખ્યુ.

માર્ચ ૨૦૦૦માં જ્યારે મુરુગનને તમિલનાડુ બીજેપીના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા ત્યારે તે માતાપિતાને મળવા કોનૂર આવ્યા હતા. તેમની સાથે સમર્થકોની ભીડ અને પોલીસ સુરક્ષા પણ હતી પરંતુ માતા-પિતાએ શાંતિથી દીકરાનું સ્વાગત

કર્યું. તે પોતાના દીકરાની સફળતાથી ખુશ છે, પરંતુ સ્વતંત્ર રહેવા માંગે છે. પાંચ વર્ષ પહેલા તેમના નાના દીકરાનું મૃત્યુ થઈ ગયુ હતું, ત્યારથી તે વહુ અને બાળકોની જવાબદારી સંભાળી રહ્યા છે.

મુરુગનના પિતાના જણાવ્યા અનુસાર, તે ભણવામાં ઘણાં હોશિયાર હતા. ચેન્નાઈની આંબેડકર લૉ કોલેજમાં દીકરાના અભ્યાસ માટે લોગનાથનના મિત્રો પાસેથી ઉધાર પૈસા લેવા પડ્યા હતા. વરુદમ્મલે કહ્યું કે, અમે ક્યારેક ક્યારેક ચેન્નાઈ જઈએ છીએ અને ચાર દિવસ તેની સાથે રહીએ છીએ. અમે તેના વ્યસ્ત લાઈફસ્ટાઈલમાં સેટ નથી થઈ શકતા. માટે અમને કૌનુર પાછા આવી જવું જ યોગ્ય લાગ્યું. મુરુગને કેન્દ્રીય મંત્રીમંડળમાં શામેલ થયા પછી પોતાના માતા-પિતા સાથે ફોન પર વાત કરી હતી. ગામમા રહેતા વાસુ શ્રીનિવાસન જણાવે છે કે, કોરોનાને કારણે રાજ્ય સરકાર તરફથી જ્યારે રાશન વહેંચવામાં આવી રહ્યુ હતું ત્યારે લોગનાથન લાઈનમાં ઉભા હતા. લોકોએ તેમને કહ્યું કે લાઈન તોડીને આગળ જતા રહો પરંતુ તેઓ લાઈનમાં જ ઉભા રહ્યા. બન્ને પોતાની સાદગી માટે ઓળખાય છે. તેમની પાસે જમીનનો એક નાનો ટુકડો પણ નથી.

**લુપાછુપી...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. રોજબરોજ ઘેરાતા વાદળો વચ્ચે આકાશી નઝારો બદલાય છે. પરંતુ અષાઢમાં શ્રાવણિયો વરસાદ પણ ક્યારેક જ ડોકીયા કરે છે. મેઘરાજાના મંદ મિજાજથી ગરમીથી ત્રસ્ત નગરજનોની મીટ રોજ નભ તરફ મંડરાય છે. શહેરમાં જુલાઈના અંતિમ દિવસો સુધીમાં પણ સિઝનનો માંડ ચાર ઈંચ વરસાદ પણ થયો નથી. મોટાભાગે ચોમાસા દરમિયાન જુલાઈ મહીનામાં મેઘરાજા મન મુકીને વરસતા હોય છે. પરંતુ આ વર્ષે છાંટણા વરસાવી અદ્રશ્ય થઈ જતા વરસાદી વાયરા વચ્ચે ચોમાસાની મોસમ હજુ સુધી નિખરી નથી.